સુવિચાર : કિસ્મત, કામયાબી અને કાળી મજૂરી આ ત્રણેયની કૃપા હોય તો ગમે તેવો કડકોય કરોડપતિ થઇ શકે છે - અમૃતબિંદુ

**તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૫ | ૪ સપ્ટેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; શ્રાવણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**ફટાફટ ન્યુઝ**

- માર્ગ અકસ્માતમાં વર્ષ ૨૦૧૪માં ૭૫૦૦૦ યુવાનોના મોત થયા
- વિમાની ભાડાંને અંકુશમાં લેવા મોદી સરકાર તૈયાર
- હવે સિલિકોન વેલીમાં મોદીને સાંભળવા માટે હજારો ઉત્સુક
- મંદી ઉપર બ્રેક : સેન્સેક્સ ૩૧૧ પોઈન્ટ ઉછળીને અંતે બંધ રહ્યો
- વસ્તી જેહાદ સામે ઉભા થવા માટેનો સમય આવી ગયો છે : તોગડિયા
- ત્રણ તલાકમાં ફેરફાર શક્ય નથી : મુસ્લિમ પર્સનલ બોર્ડ
- ટ્વીટર પર શાહરૂખના ફોલોઅર્સ ૧.૫૦ કરોડ
- યુએસ ઓપનમાં જોકોવીક, સેરેના, નડાલની આગેકૂચ

કાશ્મીર : અથડામણમાં ચાર આતંકવાદીઓને ઠાર મરાયા

# બિહારમાં મહાગઠબંધનમાં ગાબડુ

## બિહારમાં એકલા હાથે ચુંટણી લડવા સમાજવાદી પાર્ટીનો નિર્ણય : બિહાર વિધાનસભાની ચુંટણી માટે માત્ર પાંચ બેઠક આપવામાં આવ્યા બાદ નારાજ મુલાયમસિંહની પાર્ટીનો કડક નિર્ણય : નવા સમીકરણના સાફ સંકેત



નવી દિલ્હી,તા. ૩ બિહાર વિધાનસભાની ચુંટણી પહેલાં જનતા પરિવારને આજે મરણતોળ ફટકો પડ્યો હતો. બિહારમાં ભાજપની વિજયકૂચને રોકવા માટે છ પક્ષો દ્વારા બનાવવામાં આવેલા મહાગઠબંધન જનતા પરિવારને મોટો ફટકો પડે તેવા ઘટનાક્રમમાં મુલાયમસિંહ યાદવની સમાજવાદી પાર્ટીએ આ ગઠબંધનમાંથી બહાર નિકળી જવાની જાહેરાત કરી હતી. સાથે-સાથે રાજ્યમાં એકલા હાથે બિહાર વિધાનસભાની ચુંટણી લડવાની જાહેરાત કરી હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા સમાજવાદી પાર્ટીના જનરલ સેક્રેટરી રામગોપાલ યાદવે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી સંસદીય બોર્ડે સ્વતંત્ર રીતે ચુંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમણે એમપણ કહ્યું હતું કે, સંપૂર્ણ તાકાત સાથે અમે ચુંટણીમાં એકલા હાથે મેદાનમાં ઉથરવા જઈ રહ્યા છીએ. વધુ બેઠકો જીતવા માટે પણ આશાવાદી છીએ. ગઠબંધનના નેતાઓ દ્વારા અમને ખૂબ ઓછી બેઠકોની ફાળવણી કરીને અપમાન કરાયું હતું. જો જરૂર પડશે તો ટેકો આપવા માટે અન્ય પાર્ટીઓને પણ અપીલ કરીશું. પરંતુ સપાના નેતાએ કોઈ વાંધાજનક સુચનો કર્યા નહતા. મહત્વપૂર્ણ બિહાર વિધાનસભાની ચુંટણીમાં એકલા હાથે ચુંટણી મેદાનમાં ઉતરવા માટેના કારણ અંગે પુછવામાં આવતા યાદવે કહ્યું હતું કે, બેઠકોની વહેંચણીના સંદર્ભમાં અમારી સાથે વાત કરવામાં આવી નહતી. લાલુ યાદવ અને નીતિશકુમાર દ્વારા અમારું અપમાન કરવામાં આવ્યું છે. જોકે સપાના નેતાએ છ પક્ષોના મહાગઠબંધનમાં તિરાડ માટે દોષારોપણ કરવાનો ઈન્કાર કર્યો હતો. બિહારમાં ભાજપની આગેકૂચને રોકવા માટે છ પક્ષો દ્વારા મહાગઠબંધનની રચના કરવામાં આવી છે.

**સમાજવાદી પાર્ટી સાથે રહેશે નહીં**

# નરેન્દ્ર મોદી અને શ્રીશ્રી રવિશંકર એક મંચ પર

નવી દિલ્હી,તા.૦૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શ્રીશ્રી રવિશંકર આજે ગ્લોબલ હિંદુ



બૌદ્ધ કોન્કલેવમાં એકસાથે નજરે પડ્યા હતા. મોદીએ શ્રીશ્રી રવિશંકરના આશીર્વાદ માંગ્યા હતા. આ કાર્યક્રમમાં બૌદ્ધ ધાર્મિક નેતાઓ, સ્કોલર અને અન્ય ટોચની હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. મોદીએ સંબોધન કરતા કહ્યું હતું કે, વિશ્વ શાંતિ માટે બૌદ્ધ ધર્મ ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, ગૌતમ બૌદ્ધ દ્વારા દર્શાવવામાં આવેલા માર્ગ અને તેમના દ્વારા દર્શાવવામાં આવેલા વિચારોનો સ્વિકાર કર્યા વગર આ સદીને એશિયાની સદી તરીકે ગણી શકાય નહીં. યોગ્ય મંત્રણા વગર અમે સંઘર્ષમાંથી બહાર નિકળી શકીશું નહીં. તેમણે ઉમેર્યું હતું કે, ભગવાન બૌદ્ધે તમામને શાંતિનો રસ્તો બતાવ્યો હતો. મોદીએ આ પ્રસંગે પર્યાવરણ પરિવર્તનના સંદર્ભની પણ વાત કરી હતી. ગૌતમ બૌદ્ધ તમામ માટે આદર્શ તરીકે રહ્યા છે. ગૌતમ બૌદ્ધનું જીવન તમામ માટે પ્રેરણા સમાન છે.

# પોલીસ દમનની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં પાટીદાર સમુદાયના અનામતને લઈને આંદોલન દરમિયાન ભડકી ઉઠેલી હિંસાવેળા પોલીસ દમનની સીઆઈડી ક્રાઈમ મારફતે તપાસ કરાવવાની ખાતરી ગુજરાત સરકારે હાઈકોર્ટમાં આપી છે. સાથે-સાથે તોફાનોમાં ભોગ બનેલા લોકો તથા ઈજાગ્રસ્તોને વળતર ચુકવવાની ખાતરી પણ ગુજરાત સરકારે હાઈકોર્ટમાં આપી છે. પોલીસ ગોળીબારમાં ભોગ બનેલાઓને બે-બે લાખ અપાશે, તેવી જાહેરાત સરકારે સોગંદનામામાં હાઈકોર્ટમાં કરી છે. તોફાનો દરમિયાન માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ચાર-ચાર લાખ આપવાની જાહેરાત કરાઈ છે. જ્યારે પોલીસ ગોળીબારમાં ભોગ બનેલાઓને બે લાખનું વળતર ચુકવાશે. ઈજાગ્રસ્તોને વળતર પેટે ૧૦-૧૦ હજાર અપાશે. રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન દરમિયાન તોફાનો અને પોલીસ દમન કાયદો વ્યવસ્થા મામલે અદાલતે આકરુ વલણ અપનાવ્યા બાદ આજે સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે સોગંદનામું કર્યું હતું અને વળતર ચુકવવા તથા તપાસ કરાવવાની ખાતરી આપી હતી. રાજ્ય સરકારે સોગંદનામામાં એવી બાંહેધરી આપી હતી કે, તોફાનો દરમિયાન ભોગ બનેલા લોકોને ચાર-ચાર લાખનું વળતર આપવામાં આવશે. જ્યારે પોલીસ ગોળીબારમાં ભોગ બનેલાને બે લાખનું વળતર અપાશે જ્યારે ઈજાગ્રસ્તોને વળતર પેટે ૧૦-૧૦ હજાર ચુકવવામાં આવશે. તોફાનો દરમિયાન પોલીસ દમન વિશે જોરદાર ઉહાપોહ થયો હતો. આ મામલે સીઆઈડી ક્રાઈમ મારફતે તપાસ કરાવવાની પણ ખાતરી આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહમાં અનામતની માંગ સાથે આંદોલન ચલાવી રહેલા પાટીદાર સમાજ અમદાવાદમાં ક્રાંતિ રેલી યોજી હતી અને ત્યારબાદ રાજ્યભરમાં તોફાનો ફાટી નિકળ્યા હતા. સતત બે દિવસ સુધી પથ્થરમારો, આગજની, પોલીસ ગોળીબારનો ઘટનાક્રમ સર્જાયો હતો. અમદાવાદ, સુરત, મહેસાણા સહિતના શહેરોમાં કર્ફ્યુ પણ જાહેર કરાયું હતું.

**તોફાનમાં માર્યા ગયેલાના પરિવારજનોને ચાર-ચાર લાખ રૂપિયા અને પોલીસ ગોળીબારનો ભોગ બનેલાને બે-બે લાખ મળશે : રાજ્ય સરકાર**



નંદ ઘેર આનંદ ભયો - ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ શેરીએ-શેરીએ અને ઘરે-ઘરે ઉલ્લાસપૂર્વક ઉજવાય છે... આવતીકાલે ગુજરાતના ખૂણે-ખૂણે જન્માષ્ટમી જન્મોત્સવ નિમિત્તે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે... ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિઓ અનેક મુદ્રામાં ઉપલબ્ધ બનાવાઈ છે... મનપસંદ મુદ્રામાં કાનુડાની મૂર્તિઓ પ્રસ્થાપિત કરી જન્માષ્ટમીની ઉજવણી પારિવારિક પર્વ તરીકે ઉજવાય છે... કાનજીના ગુણગાન ગાવામાં સૌ ઓતપ્રોત બની જાય છે...

# આવતીકાલથી પાટીદારોની દાંડીયાત્રા

## પાટીદાર અનામત આંદોલનનો બીજો તબક્કો જાહેર : ૨૦ દિવસનો વિસ્તૃત કાર્યક્રમ જાહેર કરાયો : યાત્રા ૩૦ કિલોમીટરની રહેશે : વચ્ચે સભાઓ અને અન્ય કાર્યક્રમ

અમદાવાદ,તા.૩

પાટીદાર સમુદાયના આંદોલનને લઈને હવે ભારે ઉત્તેજના પ્રવર્તી રહી છે. પ્રથમ તબક્કામાં અમદાવાદમાં મહાક્રાંતિ રેલી બાદ તોફાનો ફાટી નિકળ્યા હતા. જેથી આની નોંધ દેશભરમાં લેવાઈ હતી. હવે પાટીદાર સમાજે શાંતિપૂર્વક રીતે આંદોલનને આગળ વધારવાનો નિર્ણય કર્યો છે. જેના ભાગરૂપે ૫મી સપ્ટેમ્બરથી ૨૫મી સપ્ટેમ્બર સુધી દાંડીથી સાબરમતી સુધી રેલી કાઢવામાં આવશે. આના માટેનો રુટ જાહેર કરી દેવાયો છે. પાટિદાર અનામત આંદોલનનો બીજો તબક્કો શરૂ થવા જઈ રહ્યો છે. શનિવારે ૫મીએ વહેલી સવારે દાંડીથી અનામતની કુચની શરૂઆત થશે. તૈયારીઓ શરૂ થઈ ચુકી છે.મોટાભાગની જવાબદારી સુરતની પાટીદાર અનામત આંદોલન સમિતિને સોંપવામાં આવી છે. અનામત કુચની જવાબદારી હાર્દિક પટેલ જ સંભાળશે.

નવસારીથી ગાંધીનગર સુધીના ૮ જિલ્લાના કલેક્ટર અને પોલીસ અધિકારીઓની મંજુરી માટે વિનંતી પત્રો મોકલવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ યાત્રા દરરોજ ૩૦ કિલોમીટર સુધી ચાલશે. આ ઉપરાંત વચ્ચેના ગાળા દરમિયાન સભાઓ અને અન્ય કાર્યક્રમો પણ યોજવામાં આવશે. આ કાર્યક્રમ ૨૦ દિવસનો રહેશે. સવારે ૬ વાગ્યે દાંડીથી યાત્રા નિકળશે. ૨૫મી સુધીનો કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે. આમાં હજારોની સંખ્યામાં લોકો જોડાય તેવી શક્યતા દેખાઈ રહી છે. છોટા હાથી, ડિજે, ટેમ્પોને પણ આવરી લેવામાં આવશે. અનામત કુચ નવસારીથી નિકળીને અમદાવાદ પહોંચશે.

● અનુસંધાન પાન-૭ પર






# દહેગામના વધુ બે ગામોમાં મોયેલા ઘઉં પ્રકરણમાં વધુ પાંચ કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૩

મોયેલા ઘઉં ખાવાથી લકવાની અસર થતી હોવાના વધુ પાંચ કેસ આજે દહેગામ તાલુકાના ઓધજીના મુવાડા તેમજ પાલુન્દ્રા ગામેથી મળી આવ્યા છે.

ગઈકાલે રાજ્યના આરોગ્યમંત્રી શ્રી નીતિન પટેલે આપેલ સૂચનાને પગલે તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ ઓધજીના મુવાડામાંથી એક જ પરિવારના ૩ સભ્યો તેમજ પાલુન્દ્રા ગામમાંથી એક જ પરિવારના ૨ સભ્યોને આની અસર જણાઈ આવી છે. તંત્ર દ્વારા આ લોકોને સારવાર માટે દહેગામ બ્લોક હેલ્થ ઓફિસમાં ખસેડવામાં આવ્યા હતા.

દહેગામમાં સર્વેલન્સની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

મોયેલા ઘઉંમાં દિવેલમાં ભેળસેળ થયાનું અત્યારે મનાઈ રહ્યું છે. જોકે છુટક વેચાણ નહિ કરાતુ હોવાનું કેટલાક વેપારીઓએ જણાવ્યું છે.

વડોદરા ફોરેન્સીક લેબોરેટરીમાં ઘઉંના આ નમુના તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તંત્ર દ્વારા પરીક્ષણ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. મોયેલા ઘઉં ખાવાથી લકવાની અસર પામનાર લોકોની સંખ્યા ૨૦૫૨ પહોંચી છે. તંત્રએ આ ઘટનાને અતિ ગંભીરતાથી લીધી છે અને તે માટેની કાર્યવાહી પણ આરંભી દીધી છે.




